# ધાનેરામાં રતન હોસ્પિટલમાં પણ મહિલાનું મોત

**ડો. લાખાભાઇ પ્રજાપતિ અને કિરણરાજ ખંડેલવાલ હોસ્પિટલ બાદ રતન હોસ્પિટલમાં મહિલાને ઇન્જેક્શન આપતા ખેંચ અને મોં માંથી ફીણ આવતા મહિલાનું મોત : ધાનેરામાં પૈસાના જોરે બની બેઠેલા ડોકટરો લોકોના આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યા છે : લોકોનો આક્રોશ**

ધાનેરામાં ડો. લાખાભાઈ પ્રજાપતિ અને કિરણરાજ ખંડેલવાલ હોસ્પિટલ બાદ આજે રતન હોસ્પિટલ માં પણ મહિલા નું મોત નિપજતા ભારે ચકચાર મચી જવા પામી છે મહિલા ને પ્રસુતિ માટે હોસ્પિટલ લાવી હતી પરંતુ પ્રસુતિ પહેલા જ મહિલાનું મોત નિજપતા નાના બે બાળકોએ માતાની છત્રછાયા ગુમાવી છે અને મૃતક મહિલા ના પરિવાર જનો ધ્વરા રતન હોસ્પિટલ માં લાશ મૂકી ડોક્ટર સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ધાનેરા તાલુકા ના જોરાપુરા ગામના માજીરાણા પરિવાર ધ્વરા કેળીબેન અશોકભાઈ નામની મહિલાને પ્રસુતિ માટે ધાનેરા ની રતન હોસ્પિટલ માં લાવી હતી પરંતુ મહિલા નું પ્રસુતિ પહેલા જ મોત નિપજતા ભારે ચકચાર મચી જવા પામી છે ત્યારે મૃતક ના પરિવાર જનો ધ્વરા જણાવવામાં આવ્યું હતું કે અમે કેળીબેન ને સવારે તંદુરસ્ત હાલત માં પ્રસુતિ માટે ધાનેરા ની રતન હોસ્પિટલ માં લાવ્યા હતા જ્યાં કેળીબેનને ઈન્જેકશન આપવમાં આવ્યું હતું અને તે બાદ અચાનક ખેંચ ચાલુ થઈ અને મોઢા માંથી ફીણ આવવા લાગ્યા પરિવાર જાણો દ્વારા ડોક્ટર ને જાણ કરતા ડોકટરે આવી પોતાના હાથ અધ્ધર કરી હવે મારી




કારી નહિ લાગે તેમ કહી આગળ મોકલી લીધા હતા પરંતુ કેળીબેનનું મોત નિપજતા પરિવારજનો ઉશ્કેરાયા હતા અને મહિલા ની લાશ ને ધાનેરા રતન હોસ્પિટલ માં મૂકી ડોક્ટર સામે કાયદેસર કાર્યવાહી કરવાની માંગ કરી હતી અને જ્યાં સુધી ડોક્ટર સામે કાર્યવાહી નહિ થાય ત્યાં સુધી લાશ લેવાનો ઈન્કાર કર્યો હતો.

અત્યારે ધાનેરા માં એકજ વાત સાંભળવા મળી રહી છે કે ધાનેરા પૈસા ના જોરે બની બેઠેલા ડોક્ટરો લોકો ના આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યા છે ત્યારે આજ હોસ્પિટલ અને આજ ડોક્ટર ની વાત કરવામાં આવે તો થોડા સમય અગાઉ આજ હોસ્પિટલમાં એક મહિલાને પ્રસુતિ માટે લવાઈ હતી અને તેની પણ હાલત તંદુરસ્ત હતી પરંતુ ડોક્ટર ધ્વરા મહિલા ના પરિવાર જનોને ડરાવી કહ્યું હતું કે તાત્કાલિક ઓપરેશન કરવું પડશે નહીંતર મારી જવાબદારી રહેશે નહિ ત્યારે પરિવાર જાણો ધ્વરા મહિલા ને હોસ્પિટલ માંથી રજા લઈ બીજી હોસ્પિટલ ગયા હતા અને ત્યાં મહિલા નોર્મલ રીતે બાળક ને જન્મ આપ્યો હતો.

ધાનેરા માં પૈસા ના જોરે બની બેઠેલા ડોક્ટરો સામે લોકોએ પણ અવાજ ઉઠાવ્યો છે અને મીડિયા સામે જણાવ્યું હતું કે આ ડોકટરો લોકો ને માણસ નહિ પણ જાનવર સમજી દવા કરે છે અને કેટલાય લોકો તો મોતને પણ ભેટ્યા છે ત્યારે દર્દી ને હોસ્પિટલ લાવવા માં આવે ત્યારે ડોક્ટર ધ્વરા તરજ ઓપરેશનની વાત કરે છે અને ગરીબ દર્દી ના પરિવારો વ્યાજે રૂપિયા લાવી ઓપરેશન કરાવે છે ત્યારે હવે ધાનેરા ની જનતા જાગૃત બની છે માટે લે ભાગું ડોક્ટરોએ સમજી જવાની જરૂર છે.

મહિલા નું મોત નિપજતા નાના બે બાળકોએ માતાની છત્રછાયા ગુમાવી નિરાધાર બન્યા છે. માત્ર આજ બાળકોએ માતાની છત્રછ્યા નથી ગુમાવી પરંતુ અગાઉ પણ ડો.લાખાભાઈ પ્રજાપતિ ની હોસ્પિટલ માં પણ આવીજ રીતે મહિલાનું મોત નિપજતા ત્રણ બાળકો નિરાધાર બન્યા હતા અને તે બાદ કિરણરાજ ખંડેલવાલ હોસ્પિટલ માં પણ મહિલા નું મોત નિપજતા તાજા જન્મેલા બાળકે માતાની છત્રછાયા ગુમાવી હતી ત્યારે હવે ધાનેરા માં એકજ માંગ ઉઠવા પામી છે કે જિલ્લા ના સમાહર્તા કલેક્ટર સાહેબ શ્રી આ તમામ ડોકટરો ને જેલ ભેગા કરી નાના બાળકો ને ન્યાય અપાવે.



## મહેસાણામાં ગુજરાત પાવર એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓની હડતાલ

મહેસાણાના અર્ધ સરકારી પાવર એન્જીનીયરીંગ કોલેજના એક હજારથી વધુ વિદ્યાર્થીઓએ આજે કોલેજની બહાર પડતર પ્રશ્નો ઉકેલવા હલ્લાબોલ કરીને પોતાનો વિરોધ કર્યો હતો. જો કે આ સમગ્ર મામલે હાલમાં કોલેજ સત્તામંડળે મીડિયા સામે પણ કહેવાની મનાઈ કરી હતી. મહેસાણા અમદાવાદ હાઈવે ઉપર આવેલા ગુજરાત પાવર એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓએ આજે વહેલી સવારથી હડતાળ પર ઉતરી ગયા હતા. ગુજરાત પાવર એન્જીનીયરીંગ અર્ધ સરકારી કોલેજના ચાર વિભાગમાં વિદ્યાર્થીઓની એટેન્ડન્ટ સહિત સ્પોર્ટસના સાધનો અને અપશબ્દ કોલેજના પ્રોફેસર બોલતા હોવાના મામલે હડતાળ પર વિદ્યાર્થી ઉતરી ગયા હતા. અને કોલેજના ૪ વિભાગના વિદ્યાર્થીઓએ શિક્ષણકાર્યનો બહિષ્કાર કર્યો હતો.

# થરાદના યુવાને ઉત્તર ગુજરાતને પ્રથમ રાષ્ટ્રીય યુવા પારિતોષિક અપાવ્યો

થરાદ, તા. ૧૬

થરાદ ના મલુપુર ગામના પ્રતીકકુમાર હસમુખભાઈ બચાણીને ૧૨ જાન્યુઆરી-૨૦૧૮ શુક્રવારના રોજ નોઈડા લ દિલ્હી ખાતે ખેલ અને યુવા મંત્રાલયલ ભારત સરકારના કેન્દ્રીયમંત્રી રાજ્યવર્ધનસિંહ રાઠોર અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી આદિત્યનાથ યોગીના હસ્તે રાષ્ટ્રીય યુવા પારિતોષિક એનાયત કરવામાં આવ્યો. જેમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ લાઈવ કોન્ફેરેન્સથી કાર્યક્રમનુ ઉદઘાટન કરી અને યુવાનોને અભિનંદન આપી પ્રોત્સાહિત કર્યા હતા. જેમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી આદિત્યનાથ યોગી મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા. જ્યારે કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક વિભાગના મંત્રી મહેશ શર્મા અને ખેલ અને યુવા મંત્રાલય વિભાગના મંત્રી રાજયવર્ધનસિંહ રાઠોડ અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા.

યુવાનો સમાજ પ્રત્યેની સેવાકીય પ્રવૃતિઓમાં રસ દાખવે અને વિવિધ સામાજિક પ્રવૃતિઓમાં સમાજને મદદરૂપ બને તે માટે તેમને પ્રોત્સાહિત કરવા માટે દર વર્ષે ખેલ મંત્રાલય ભારત સરકાર દ્વારા કુલ ૨૫-૩૦ યુવાનોને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે. આ વર્ષે ભારતમાંથી ૨૩ વિદ્યાર્થીઓની પસંદગી થઈ હતી. જેમાં ગુજરાતમાંથી પ્રતીક બચાણીને વર્ષ-૨૦૧૫-૧૬નો રાષ્ટ્રીય યુવા પારિતોષિક એનાયત કરવામાં આવ્યો હતો.

વર્ષ-૨૦૦૦થી અત્યાર સુધી સમગ્ર ગુજરાતમાંથી કુલ ૯ યુવાઓને આ પ્રકારનો પારિતોષિક એનાયત કરવામાં આવેલ છે. જયારે ઉત્તર ગુજરાતમાંથી અત્યાર સુધી માત્ર એક પ્રતીક બચાણીને રાષ્ટ્રીય યુવા પારિતોષિક એનાયત કરવામાં આવ્યો છે.

પ્રતીક બચાણી અમદાવાદ ખાતે એલએલબી ટીખઠનો અભ્યાસ કરી રહ્યા છે અને અનુસ્નાતક તરીકે એમએસડબ્લ્યૂ ટોકધઠનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. તેની સાથે તેમને છેલ્લા પાંચ વર્ષ દરમિયાન સેવા ના અલગ અલગ ક્ષેત્રોમાં મહત્વનું યોગદાન આપેલ છે. તેઓએ રક્તદાન, વૃક્ષારોપણ, કુદરતી આફતો સમયે મદદ પોંહચાડવી, વાસ્થ્ય અને સ્વચ્છતાની પ્રવૃતિઓ, ગ્રામ્ય સંશોધન કર્યા. આદિવાસી સંશોધન કર્યા, સામાજિક મુદ્દાઓ પર શોર્ટફિલ્મ બનાવવી, મહિલા અને બાળ વિકાસની પ્રવૃતિઓ, તેમજ યુવાનોને એનએસએસ, અને એનસીસીની વિવિધ પ્રવૃતિઓ દ્વારા સામાજિક સેવા માટે પ્રોત્સાહિત કરવા જેવા અનેકવિધ લાભદાયી કામ કરેલ છે.



## મોડાસામાં આંતરાષ્ટ્રીય પતંગ મહોત્સ્વ બાદ મેદાનમાં ગંદકીના ઢગ ખડકાયા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છતા અભિયાનના લીરે લીરા ઉડાડતી ઘટના અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં યોજાયેલ આંતરાષ્ટ્રીય પતંગમહોત્સવ યોજાયા બાદ મેદાનમાં થયેલા ગંદકીના ઢગ વહીવટીતંત્ર કે નગરપાલિકાતંત્ર દ્વારા હટાવાની તસ્દી લેવામાં ન આવતા યુવાનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર અને મોડાસા નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે ૧૨ જાન્યુઆરીના રોજ મોડાસા શહેરમાં સહયોગ બાયપાસ ચોકડી નજીક આવેલા અરવલ્લી ડિસ્ટ્રિક્ટ ગિરિમાળા ક્રિકેટ એસોસિએશનના મેદાનમાં યોજાયેલ આંતરાષ્ટ્રીય પતંગ મહોત્સવમા દેશ-વિદેશના ૬૧ પતંગબાજોએ ભાગ લીધો હતો. આ આંતરાષ્ટ્રીય પતંગમહોત્સવમાં જિલ્લાના અધિકારીઓ, ભાજપના પદાધિકારીઓ અને મોડાસા નગરપાલિકાના પ્રમુખ સહીત કોર્પોરેટરો કર્મચારીઓ સહીત મોટી સંખ્યામાં બાળકો અને નગરજનો નિહાળવા ઉપસ્થિત રહ્યા હતા. પતંગબાજોના સત્કાર સમારંભ માટે વપરાયેલી સાધન સામગ્રી અને ખાણી-પીણી સહિતની ચીજવસ્તુઓને ઉપયોગમાં લીધા પછી મેદાનમાં જ છૂટી છવાયી નાખી સાફ-સફાઈ કરવાની તસ્દી પણ લેવામાં ન આવતા મેદાનો પર કચરો અને ગંદકીના ઢગ ખડકાતા મેદાનમાં પ્રેક્ટિસ કરવા અને ક્રિકેટ રમવા આવતા યુવાનો અને મોર્નિંગ વોક અને કસરત કરવા આવતા યુવાનો સહીત સિનિયર સીટીઝનોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો. યુવા ક્રિકેટરોએ કચરો-ગંદકી જાતે હટાવવી પડી હતી અને સ્વચ્છતા અભિયાન ફક્ત ફોટોશૂટ અને બેનરો પૂરતું હોય તેવો ઠેર ઠેર જિલ્લાવાસીઓ અને નગરજનો અહેસાસ અનુભવી રહ્યા છે.

# રાધીવાડ ગામે અકસ્માતમાં બે’ના મોત

ખેડબ્રહ્મા, તા. ૧૬

ખેડબ્રહ્મા તાલુકાના રાધિવાડ ગામે સમી સાંજના સોમવાર દિવસે એક બાઈક સવારે રાહદારીને ટક્કર મારતા રાહદારી તથા ચાલકનું મોત નિપજ્યુ હતુ.

ખેડબ્રહ્મા તાલુકાના રાધિવાડ ગામે સોમવાર સાંજના ગામના રેવાભાઈ ધનાભાઈ સોલંકી (૬૦) તેમના ઘરેથી દૂધ લઈ ડેરીમાં ભરાવવા સારૂ બસ સ્ટેન્ડ પાસે રોડરોડ ઓળંગવા જતા હતા તે સમયે ખેડબ્રહ્મા તરફથી આવતી પલસર બાઈક ન. જીજે.૯. જીએ.૪૦૦૧ ચાલક વિક્રાંતકુમાર પ્રતાપભાઈ નિનામાં, રહે. વીરપુર, તા. ભિલોડાના એ બાઈક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી રેવાભાઈને ટક્કર મારતા રેવાભાઈને શરીરે ગંભીર ઈજાઓ કરી બાઈક ચાલક ડિવાઈડર સાથે ટકરાતા માથામાં ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે બાઈક પાછળ બેઠેલા લાલજીભાઈ બદાજી કટારા રહે. ઓડ, તા. ભિલોડાને પણ શરીરે ઈજાઓ પહોંચી હોઈ રેવાભાઈ અને લાલજીભાઈ બંનેને ૧૦૮ દ્વારા ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. જ્યાં રેવાભાઈને વધુ ઈજાઓ પહોંચેલી હોઈ તેમને રીફર કરવામાં આવ્યા હતા. જેમનું ઈડર ખાતે ખાનગી દવાખાનામાં સારવાર દરમ્યાન રાત્રીના સમયે મોત નીપજ્યું હતું.



જેથી રેવાભાઈના ભત્રીજા છગનભાઈ કોદરભાઈ સોલંકીએ બાઈક સવાર વિકરાંતકુમાર વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમા ફરિયાદ નોંધાવી હતી.

# પ્રાંતિજ ખાતે ઈઝરાયેલ-દેશના પ્રધાનમંત્રીની મુલાકાતની તડામાર તૈયારીઓ

**ઈન્ડો ઈઝરાયલ ફાર્મની મુલાકાત : પાંચ હેલીપેડ બનાવવામાં આવ્યા : ઇઝરાયલ પી.એમ, ભારતના વડાપ્રધાન, રાજયપાલ, મુખ્યમંત્રી સહિતના મંત્રીઓ ઉપસ્થિત રહશે : મોટા વાહનો, નાના ૨-વ્હીકલ સહિતના વાહનો ઉપર એક દિવસ માટે પ્રતિબંધ**

પ્રાંતિજ, તા. ૧૬

ઈઝરાયલ પી.એમ બેન્જામીન નેતન્યાહુ ભારતના પ્રવાસ પૈકી એક દિવસ માટે ગુજરાતના પ્રવાસે છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના વદરાડ ખાતે આવેલ ઈન્ડો ઈઝરાયલી ફાર્મની મુલાકાતે આવવાના હોય ત્યારે જીલ્લાતંત્ર તથા સ્થાનિક તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

પ્રાંતિજના વદરાડ ખાતે આવેલ સેન્ટર ઓફ સેલેન્સ ફોર વેજીટેબલ્સ (ઈન્ડો ઈઝરાયલ એગ્રી કલ્ચરલ વર્ક પ્લાન)ની આવતી કાલે ૧૭-૧-૨૦૧૮ને બુધાવારના રોજ બપોર બાદ ઈઝરાયલના પી.એમ. બેન્જામીન નેતન્યાહુ તથા ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા રાજ્યપાલ ઓ.પી. કોહલી, ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા ડેપ્યુટી સી.એમ નિતિનભાઈ પટેલ સહિતના અધિકારીઓ મંત્રીઓ ઉપસ્થિત રહેવાના હોઈ વદરાડ ખાતે આવેલ ઈન્ડો ઈઝરાયલ ફાર્મમાં જિલ્લા વહીવટીતંત્ર તથા સ્થાનિકતંત્ર દ્વારા પુરતી તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે અને ફાર્મની બાજુમાં જ પાંચ જેટલા હેલીપેડ તૈયાર કરવામાં આવ્યાં છે. તંત્ર દ્વારા ઈઝરાયલના પી.એમ અને ભારતના વડાપ્રધાનની મુલાકાતને યાદગાર બની રહે તે માટે સંપૂર્ણ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. આ મુલાકાત ખાસ કરીને કુષિ અને ટેકનોલોજીને લઈને ખાસ એગ્રીમેન્ટ થશે. ત્યાંથી પસાર થતાં પ્રાંતિજ-તલોદ રોડ ઉપર ૧૭-૧-૨૦૧૮ના રોજ એક દિવસ માટે નાના મોટા વાહનો ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો અને બીજો વૈકલ્પિક રૂટની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.



## આજે પ્રાંતિજ વદરાડ તલોદ તરફનો રૂટ બંધ રહેશે

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા ઈઝરાયલના પી.એમ બેન્જામીન નેતન્યાહુ પ્રાંતિજના વદરાડ ખાતે ઈન્ડો ઈઝરાયલ ફાર્મની બપોર પછીની મુલાકાતને લઈને આ રોડ ઉપરથી હજારોની સંખ્યામાં પસાર થતા નાના મોટા વાહનો સહિત મેટલ, કપચી, રેતી ભરેલ હેવી ટ્રકો તથા ભારે વાહનો ઉપર આજે ૧૭-૧-૨૦૧૮ના રોજ આજના દિવસ માટે એક દિવસ પુરતો સંપુર્ણ પણે રૂટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ જાહેરનામું પ્રાંતિજ સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ પ્રાંતિજ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. તો વૈકલ્પિક રૂટ ઉપરથી પસાર કરવા દેવા જવાબદાર તંત્રને સુચના આપવામાં આવી છે.

હાલનો રૂટ :
(૧) પ્રાંતિજ રેલ્વે ફાટકથી વદરાડના માર્ગે થઈ તલોદ તરફ જતાં વાહનો
(૨) તલોદ તાલુકાના વાવડી ચાર રસ્તાથી વદરાડ થઈ પ્રાંતિજ આવતા વાહનો.

વૈકલ્પિક રૂટ :
(૧) પ્રાંતિજ રેલ્વે સ્ટેશન રોડથી બાલીસણા તરફ થઈ તલોદ
(૨) વાવડી ચાર રસ્તાથી અમરાપુરના માર્ગે થઈ બાલીસણા થઈ પ્રાંતિજ.

## પી.એમ. કોઠારી હાઈસ્કૂલ, ટીંટોઈ સંલગ્ન ઉચ્ચ પ્રાથમિક શાળાનું ગૌરવ

તાજેતરમાં લેવાયેલ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર આયોજીત નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષામાં શ્રી પી.એમ. કોઠારી હાઈસ્કૂલ, ટીંટોઈ સંલગ્ન ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ધો. ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ મકરાણી અરફીયા આરીફખાન તથા પ્રજાપતિ રાજવી રસિકભાઈ, પ્રણામી નિખિલકુમાર કુબેરભાઈએ શ્રેષ્ઠ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થઈ મેરીટમાં સ્થાન મેળવેલ છે. જે વિદ્યાર્થીઓને સરકારશ્રી દ્વારા સળંગ ચાર વર્ષ સુધી પ્રતિ માસે સ્કોલરશીપ મળશે. વિદ્યાર્થીઓને શાળા માંડળના ચેરમેન પ્રહલાદસિંહજી બી. ચંપાવત, આચાર્ય વિજયકુમાર ભટ્ટ તથા શાળા પરીવારે તૈયાર કરનાર પ્રાથમિક શિક્ષકો અમૃતભાઈ ડી. વણકર અને અશોકભાઈ આર. પટેલ તેમજ ઉચ્ચ પ્રાથમિક સ્ટાફને અને બાળકોને ખુબ ખુબ શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

# પ્રાંતિજના સોનાસણ ખાતે અજગર કરડતાં ૩૫ વર્ષના યુવકનું મોત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સોનાસણ ખાતે રહેતાં એક યુવકને અજગર કરડતા તેને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો પણ સારવાર મળે તે પહેલાં મોત નિપજ્યું હતું. પ્રાંતિજ પોલીસ સ્ટેશન પરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના સોનાસણ ખાતે આવેલ ખેતરમાં બનાવેલ મકાન પાસેથી રવિન્દ્રસિંહ રૂપસિંહ રાઠોડ ઉ. વર્ષ-૩૫ કે જેવોને મકાન પાસેથી તા.૧૫-૧-૨૦૧૮ના રોજ સવારના સમયે અજગર કરડતાં



રવિન્દ્રસિંહ રૂપસિંહ રાઠોડને તાત્કાલિક હિંમતનગર ખાતે આવેલ સિવિલ ખાતે ખસેડવામાં આવ્યાં હતા પણ ત્યાં હાજર તબીબી ડૉ. આર.કે. વર્મા દ્વારા યુવકને મૃત જાહેર કર્યો હતો. જયારે હાજર તબીબી આર.કે. વર્મા દ્વારા આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા કરતા પ્રાંતિજ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.